# જિલ્લામાં કોંગ્રેસના બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ

## જિલ્લામાંથી ત્રણ ધારાસભ્યો સહીત પોણા બસો કોંગી આગેવાનો-કાર્યકરોની અટકાયત : ગામમાં દુકાનો બંધ કરાવીને કાર્યકરોએ રસ્તાઓ પર જઈ ચક્કાજામ કર્યા : ઝાડ કાપીને દહેગામ-બાયડ હાઈવે પર ગોઠવી દેવાતા હાઈવે ૧૨ કલાક બંધ રહ્યો

ગાંધીનગર, તા. ૧૦

ખેડૂતોના પ્રશ્નોને પગલે કોંગ્રેસ દ્વારા અમલમાં આવેલા બંધના એલાનને ગાંધીનગર જિલ્લામાં મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. જો કે સવારથી જ કોંગ્રેસી આગેવાનો-કાર્યકરોએ બંધ સજ્જડ રખાવવા મહેનત શરૂ કરી દીધી હતી. વિવિધ ગામોમાં શોપીંગ બંધ કરાવી રસ્તાઓ પર ચક્કાજામ કરવા ઉતરી ગયેલા આગેવાનો-કાર્યકરો પૈકી જિલ્લાભરમાં પોણા બસો જેટલા આગેવાનો-કાર્યકરોની અટકાયત પોલીસે કરી હતી. તો બીજી તરફ દહેગામ-બાયડ રોડ પર રાત્રે જ ઝાડ કાપીને ગોઠવી દેતા ૧૨ કલાક જેટલો સમય આ હાઈવે બંધ રહ્યો હતો. જેની તંત્રને પણ ખુબ મોડા જાણ થતા ઉઘતુ ઝડપાયુ હતું.



બંધના એલાનને પગલે કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો દ્વારા ગઈ રાત્રે જ દહેગામ-બાયડ હાઈવે પર દશેક મોટા ઝાડ કાપીને હાઈવે બંધ કરી દીધો હતો. આજે સવાર સુધી હાઈવે બંધ રહ્યો અને તંત્ર પણ આ બાબતથી અજાણ રહ્યુ હતુ. એકાએક આ બાબત ધ્યાને આવતા તંત્ર દોડી ગયુ હતુ અને ઝાડ હટાવીને હાઈવે ૧૨ કલાકે ખુલ્લો કર્યો હતો. દહેગામમાં ધારાસભ્ય સહિત આગેવાનો-કાર્યકરો મળી ૪૬ની અટકાયત પોલીસે કરી હતી. તે ઉપરાંત ગાંધીનગર શહેર પ્રમુખ તથા ગુજરાત પ્રદેશ મહામંત્રી નીશીત વ્યાસ, જનરલ સેક્રેટરી એનએસયુઆઈ અંકિત બારોટ, જયદિપ ઠાકોર, સહીત ૪૦ જેટલા આગેવાનો-કાર્યકરોએ શહેર આસપાસના ગામડાઓમાં જઈ બંધ પડાવ્યો હતો અને ત્યારબાદ પેથાપુર રોડ પર જઈને ચક્કાજામ કરતા પેથાપુર પોલીસે ૧૩ની અટકાયત કરી હતી. માણસામાં સવારથી ૧૦૦ જેટલા આંદોલનકારીઓ વિવિધ વિસ્તારોમાં જઈ દુકાનો બંધ કરાવતા હતા. તો બીજી તરફ તેમની પાછળ ભાજપની ટીમ ફરતી હતી. જે દુકાનો ખોલાવી દેવડાવતી હતી. માણસામાં પણ ચક્કાજામ કરવા ગયેલા ધારાસભ્ય અમિત ચૌધરી સહીત ૫૦ની અટકાયત માણસા પોલીસે કરી હતી. કલોલમાં કોંગી કાર્યકરો-આગેવાનોને વેપારીઓ સાથે બોલાચાલી પણ થઈ હતી. કલોલ પોલીસે ધારાસભ્ય બળદેવજી ઠાકોર સહિત ૩૧ની અટકાયત કરી હતી. તે ઉપરાંત ચિલોડા ખાતે દુકાનો બંધ કરાવીને ચક્કાજામ કરવા ગયેલા સી.જે. ચાવડા, જશુભા રાણા, અશ્વિનભાઈ બારોટ સહિતના કોંગ્રેસના આગેવાનો કાર્યકરો મળીને ૩૭ની અટકાયત કરી લીધી હતી. કોંગ્રેસને બંધમાં મળેલા મિશ્ર પ્રતિસાદને અંતે ગાંધીનગર જિલ્લાના પોણા બસો જેટલા કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોની અટકાયત થઈ હતી.

# સટ્ટામાં દેવાદાર થઈ ગયેલા યુવાનનો સિવીલ સંકુલમાં અપઘાત

## છ વર્ષ પહેલા છુટાછેડા થયેલા યુવાનને ઘરેથી પણ છ મહિનાથી કાઢી મુકયો હતો : ઝેરી દવા ગટગટાવી જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા.૧૦

પેથાપુરનો એક યુવાન સટ્ટા રમવામાં ૧૫ થી ૨૦ લાખના દેવામાં ડુબી જતાં અંતે કંટાળીને ગઈ રાત્રે સિવિલ હોસ્પિટલ સંકુલમાં ઝેરી દવા ગટગટાવી લીધી હતી. સવારે તેનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.મળતી વિગત મુજબ પરિવારજનોએ પણ તેને છ મહિનાથી ઘરની બહાર કાઢી મુકયો હતો.

પેથાપુરના ૩૨ વર્ષીય વિમલ રમણલાલ પટેલના છ વર્ષે પહેલા છુટાછેટા થઈ ગયા હતાં. સટ્ટાના રવાડે ઘણા સમયથી ચઢી ગયેલા વિમલને પરિવારજનોએ પણ છ મહિનાથી કાઢી મુકતાં આમ તેમ ફરતો હતો. સટ્ટામાં અંદાજે ૧૫ થી ૨૦ લાખનું દેવું સટ્ટા રમવામાં થઈ જતાં તેણે આખરે કંટાળીને ગઈ રાત્રે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંકુલમાં જ ઝેરી દવા ગટગટાવી લીધી હતી તેનું આજે સવારે હોસ્પિટલમાં જ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતકના પરિવારને જાણ કરી બોલાવી લીધું હતું.



## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર તાલુકાના લેકાવાડા ખાતે આવેલ ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના ધોરણ-૪ થી ધોરણ-૧૧ના બાળકો માટે બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં બળકોએ કબીર વડ, નર્મદા ડેમ, સરદાર સરોવર, પાવાગઢ અને વડોદરાની આર્ટ અને ફોટો ગેલેરીની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન બાળકોએ કબીરવડ પહોચવા માટે નર્મદા નદીમાં હોડી દ્વારા પ્રવાસ કર્યો હતો જેમાં કુદરતી સૌંદર્યને માણ્યું હતું. બાળકોએ નર્મદા ડેમ સરદાર સરોવર ખાતેના હાઈડ્રોપાવર પ્રોજેકટની મુલાકાત લઈ વીજળી કેવી રીતે ઉભી થાય છે તે અંગે જ્ઞાન મેળવ્યું હતું. પાવાગઢમાં બાળકોએ માતાજીના દર્શન કરી વડોદરાના કમાટીબાગ ખાતે આવેલ આર્ટ એન્ડ ફોટો ગેલેરી નિહાળી હતી. ગાર્ડનમાં ઝુલા, રાઈડસ, પંખીઘર, માછલીઘર વગેરેની મુલાકાત લઈ બાળકોએ ઉત્સાહ અને રોમાંચનો અનુભવ કર્યો હતો.

# મકરસંક્રાંતિ પર્વે પશુઓને ધાન્ય ન ખવડાવવું

ગાંધીનગર, તા.૧૦

મકરસંક્રાંતિ પર્વ આપણે ત્યાં પશુઓને ધાન્ય ખવડાવવાની પરંપરા છે પરંતુ ઘાસચારો ખાતા પશુઓની પાચન ક્રિયા તદ્દન ભિન્ન પ્રકારની હોઈ પશુઓને ધાન્ય ન ખવડાવવા અપીલ કરવામાં આવી છે.

મકરસંક્રાંતિનું પર્વ આપણા રાજયમાં ખુબ જ ઉમંગ અને ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ પર્વમાં અબોલ પશુધને બાજરી,જુવાર વિગેરે જેવું ધાન્ય પલાળીને, રાંધીને કે દળીને ખવડાવવાની પરંપરા છે. ઘાસચારો ખાતા પ્રાણીઓની પાચન પ્રક્રિયા તદ્દન ભિન્ન પ્રકારની હોઈ આ પ્રકારના ધાન્ય જાણે-અજાણે અપ્રમાણલર માત્રામાં-વધુ પ્રમાણમાં ખવડાવવાથી પશુને એસીડોસીસ, પોઈઝનીંગ, આફ્રો વિગેરે જેવી જીવલેણ બિમારીઓ થવાની પુરેપુરી સંભાવના હોય છે. આવી આકસ્મિક બિમારીમાં તાત્કાલિક સારવાર ન મળે તો પશુનું મૃત્યુ પણ નિપજે છે.જેના કારણે પશુમાલિકોને ભારે આર્થિક નુકસાની થાય છે. તદઉપરાંત પશુને વધુ પ્રમાણમાં એકલો લીલીચારો ખવડાવવાથી પણ આ પ્રકારની બિમારીનો ભોગ બને છે.

રાજયના જાગૃત નાગરિક તરીકે આપણા મહામૂલા પશુધનના આરોગ્યની જાણે અજાણે કોઈ પણ પ્રકારની હાનિ ન થાય તે જોવાની આપણા સહુની નૈતિક ફરજ છે. મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે આ પ્રકારની રૂઢિ-પ્રણાલી મુજબ પશુધનને આ પ્રસંગે ધાન્ય ન ખવડાવવા તથા વધુ પ્રમાણમાં એકલો લીલોચારો ન ખવડાવતા સુકું ઘાસ અથવા સુકું અને લીલું ઘાસ મિશ્રણ કરીને જ ખવડાવવા પશુપાલકો, સેવભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ રાજયના તમામ નાગરિકોને સંયમ, વિવેક અને સજાગતા દાખવવા પશુપાલન ખાતા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ગાંધીનગરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૨૦ ડિગ્રીનું અંતર લઘુત્તમ તાપમાન ૮.૪ ડિ.સે

ગાંધીનગર તા.૧૦

જાન્યુઆરી માસના પ્રારંભે ગાંધીનગરમાં પુનઃતીવ્ર ઠંડી અનુભવાઈ રહી છે. જો કે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ઉંચુ રહેતા મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ખાસ્સુ અંતર જોવા મળી રહ્યુ છે. ઠંડીમાં થોડી-ઘણી વધઘટ ચાલુ રહી છે. સાંજ પડતા જ ઠંડીનું પ્રમાણ વધતુ જાય છે. જેના કારણે વસાહતીઓને ઘરના બારીબારણાં બંધ રાખવાની ફરજ પડે છે. ઘરની બહાર નીકળતા વસાહતીઓ બે-ત્રણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને બહાર નીકળે છે. જો કે દિવસ દરમ્યાન હુંફ અનુભવાય છે. ઠંડા પવનો બંધ થઈ જતાં દિવસ દરમ્યાન ઓછી ઠંડી લાયે છે. મહત્તમ તાપમાન આજે ૨૮.૫ ડિ.સે. નોંધાયું હતું. જયારે લઘુત્તમ તાપમાન ૮.૪ ડિ.સે.નોંધાયું હતું. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૨૦ ડિગ્રીનું અંતર રહે છે જેના કારણે બિમારી પ્રમાણ વધ્યું છે.

## મોડાસા તાલુકાના બોડી ગામે એલ.એન્ડ.ટી. ફાઈનાન્સ કંપનીનો યુવાન લુંટાયો

(સમીર બલોચ ધ્વારા) મોડાસા,તા.૧૦

અરવલ્લી જિલ્લામાં હાલ કાયદો અને વ્યવસથાની પરીસ્થીતી વણસી હોય તેવુ લાગી રહયુ છે હમણાં જ બે દિવસ પહેલા મોડાસા શહેરના લઘુમતી વિસ્તારમાંથી ઘર આગળથી જ બે બાઈકસવારો દ્વારા ભરબપોરે રૂપીય એક લાખની ચીલ જડપ કરી લુટ કરવામાં આવી હતી ત્યારે ગઈકાલે સાંજના સુમારે મોડાસા તાલુકાના મેઢાસણ ગામની નજીક આવેલ બોડી ગામની સીમમાંથી પસાર થતાં એલ એન્ડ ટી ફાઈનાન્સના રીકવરી યુવાન જોડેથી બે બાઈક સવારો રીકવરીના પોણા બે લાખ રૂપીયા ભરેલી બેગ ઝુટવીને ફરાર થઈ જતાં તાલુકાની જનતામાં ચીલ ઝડપના બનાવોથી ભય વ્યાપી ગયો છે.

ગઈકાલે સાંજના સુમારે એલ એન્ડ ટી ફાઈનાન્સમાં લોનના હપ્તાની રીકવરીનુ કામ કરતાં સમીરભાઈ નારાયણભાઈ ચૌધરી ભીલોડા તાલુકાના રહેવાસી દિવસ દરમ્યાન ઉઘરાવેલી રીકવરીની પોણા બેલાખ રૂપીયા જેટલી રકમ લઈને મેઢાસણ થઈને પસાર થતા હતા, અચાનક જ બોડી ગામની સીમ નજીક પાછળથી બે બાઈકસવારો આવી ને સમીરભાઈને ધકકોમારીનેપોણા બેલાખ રૂપીયા ભરેલ બેગ તેમજ કંપનીના દસ્તાવેજો ભરેલી બેગ ઝુંટવીને ફરાર થઈ જતાં ચકચારમચી જવા પામી હતી. જયારે મોડાસા રૂરલ પીએસઆઈ જોરવરસિહ ઝાલાને આ બાબતની જાણ થતા તમામ વસ્તારોમાંઆ લુટારૂને પકડવા નાકાબંધી કરી દેવામાં આવી હતી.



કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સે-૧૫ સ્થિત એલ.ડી.આર.પી. કેમ્પસ ખાતે શનિવારે પ્રવાસી ભારતીય વિષય અંગે બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિદ્યાલય તેમજ ઓર્ગેનાઈઝેશન ફોર ડાયસપુરા ઈન્ટીસીટીપ (ઓ.ડી.આઈ)ના સંયુકત ઉપક્રમે યોજાયેલી આ કોન્ફરન્સમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાંથી ૧૦૦ જેટલા એકેડમીક બુધ્ધિજીવીઓએ ભાગ લીધો હતો.

## અવસાન નોંધ

ગાંધીનગર, તા.૧૦

ઝાલાવાડ સહસ્ત્ર ઔદિચ્ય બ્રહ્મસમાજના ગુલાબ રાય રતીલાલ દવે (સેન્ટ્રલ બેંકવાળા-મૂળ વતન હળવદ)નું તા. ૯મી જાન્યુઆરી શુક્રવારે દુઃખદ અવસાન થવા પામ્યું છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૧મી જાન્યુઆરી રવિવારે ઈન્દ્રધનુષ સોસાયટી, સ્વામિનારાયણ ધામ પાછળ, ધોળેશ્વર રોડ, રાંદેસણ-ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૧૧ વાગ્યા દરમિયાન રાખવામાં આવેલ છે. સદગતની ઉત્તરક્રિયા નર્મદા તટે ચાણોદ મુકામે રાખેલ છે.


## આજથી પ્રારંભ... ● અનુસંધાન ત્રીજાનું ચાલુ

ઓસ્ટ્રેલિયાના ટ્રેડ મિનિસ્ટર એન્ડુ રોબ તેમજ ન્યૂ સાઉથ વેલ્સના પ્રિમિયર માઈક બ્રેન્ડ સહિત ૪૫૦ સભ્યોનું એક ડેલિગેશન વાયબ્રન્ટ સમિટમાં ભાગ લેવા માટે આજે ગાંધીનગર આવ્યું હતું અને ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલને મળ્યું હતું. આ પ્રતિનિધિમંડળ વિવિધ સેકટરમાં મૂડીરોકાણ કરવા ઉત્સુક છે. ભાજપના રાષ્ટ્રીય -મુખ અમિત શાહ સહિત તેમની ટીમના પ્રમુખ સભ્યો વાયબ્રન્ટ સમિટ માટે આવી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

આપવાનું છે
બિલ્ડીંગ મટીરીયલનો સ્ક્રેપ પૂરાણ માટે આપવાનો છે.
મો ૯૪૨૭૦ ૦૫૭૭૭

ટચૂકડી જાહેર ખબર
વાઘેલા ક્લિનિંગ
સોફા સેટ-૫ સીટ ૧ સીટ ફ્રી શેમ્પુ ● પાણીના ટાંકી નાની ત્રણ ૧ ફ્રી ક્લીનીંગ ● ટોયલેટ-બાથરૂમ કિચન સાથે ૧ ફ્રી ક્લિનીંગ ● દરેક પ્રકારના ક્લિનીંગ કામ માટે પૂછપરછ કરવી. શરતોને આધીન
૯૮૨૪૯ ૫૯૦૧૫

# શબ્દાવલી - ૫૬૧૩



### આડી ચાવી

૧. યાત્રિક, મુસાફરી કરનાર(૪)
૪. બોટ્યા વગરનું (૩)
૬. આખુ, સમગ્ર (૩)
૭. ધીરે ધીરે નાશ થતો જવો,... થવો (૨)
૮. ફુટપટ્ટી, મેજરટેપ (૪)
૧૦. હપ્તાવાર છપાતી કોલમ(૫)
૧૩. તારવવું તે, તારવીને જુદુ કાઢવું તે (૪)
૧૪. પાણી..., પાણી પીવડાવવાની વિનંતી (૨)
૧૬. અધિકાર (૨)
૧૬. ઝાડુ, કચરો સાફ કરવાનું સાધન (૪)
૧૭. બધુય (૩)
૧૮. સાર, તાત્પર્ય (૩)
૧૯. એક સુંદર સુંવાળું કાપડ(૪)

### ઊભી ચાવી

૧. સાંબેલા ધારે વરસાદ વરસે તેને... વરસાદ પણ કહેવાય (૫)
૨. શાકભાજી (વ્યાકરણ અશુદ્ધિ) (૨)
૩. ફુટ (૨)
૫. રીબીન (૩)
૮. હોંશિયાર, માહિતગાર (૩)
૯. માટીનું વાસણ પાકુ બનાવવા માટે... પડે (૪)
૧૧. કુદરતી મનોરમ્ય... માં ફરવું બધાને ગમે (૫)
૧૨. એક હિન્દી ફિલ્મ (૫)
૧૪. સેલ, શક્તિ (૩)
૧૫. નાહવાની જગ્યા (૩)
૧૬. જૈનો કેમ છો? ની જગ્યાએ... માં છો એવું બોલે(૨)
૧૭. એક તેલીબીયાં (૨)

### શબ્દાવલી ૫૬૧૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ભાવનાપ્રધાન (૬) મસા (૭) વીનર (૯) વાતાવરણ (૧૦) રણ (૧૧) ચુરમુ (૧૩) કપ (૧૫) રગતક (૧૬) લફરુ (૧૮) હોકારો (૧૯) પંખો (૨૦) કોરોકટ (૨૧) રકમ

**ઊભી ચાવી :-** (૧) ભારવાહક (૨) નામવર (૩) પ્રસારણ (૪) નવી (૫) હીર (૮) નફરત (૧૧) ચુગલીખોર (૧૨) મુકદ્દમ (૧૪) પલકારો (૧૭) ફરોક (૧૮) હોકો

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪
સૂર્યાસ્ત : ૬.૧૩

### તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૮.૪ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૩૨ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
તેવર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
તેવર : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,
સ્ક્રીન-૩ :
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
પી.કે. : ૧.૦૦, ૭.૦૦

**સિનેમેક્સ**

: સ્ક્રીન-૧ :
તેવર : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
તેવર : ૧૦.૦૦, ૧.૨૦, ૪.૪૦, ૮.૦૦
સ્ક્રીન-૩ :
તેવર : ૧૧.૧૫, ૨.૩૫, ૯.૦૦
બે યાર (ગુજરાતી) : ૫.૫૫
સ્ક્રીન-૪ :
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૨૦, ૪.૧૦, ૧૦.૦૦
પી.કે. : ૧૨.૫૫, ૬.૪૫

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૨ :
તેવર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ :
સિંઘમ રિટર્ન્સ : ૨.૦૦
ટેકન (અંગ્રેજી) : ૧૨.૦૦, ૫.૦૦, ૭.૧૫, ૯.૩૦
સ્ક્રીન-૪ :
તેવર : ૧૦.૦૦
પી.કે. : ૧૨.૪૫
આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
તેવર : ૧૧.૦૦
પી.કે. : ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

### આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. નગીનદાસ મોતીલાલ શાહ (ઉ.વ.૯૨) ૧૬૬, આનંદનગર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર
- સ્વ. લાભુબેન હરીભાઈ કડીયા (ઉ.વ.૮૦) કૈલાસધામ, મહુડી રોડ, પેથાપુર, તા.જી.ગાંધીનગર
- સ્વ. શંકરભાઈ ગાભાભાઈ વાઘેલા (ઉ.વ.૫૭) બ્લોક નં. ૧૩૫/૪, કેટેગરી-૨, સેક્ટર-૨૮, ગાંધીનગર